ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

DST

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 6th May, 2025

પ્રતિ,

તંત્રી શ્રી,

જય વિજ્ઞાન,

## International Space Station - ISS આઠ દિવસ ભાવનગરના નભનું મહેમાન

**એક જ અઠવાડિયામાં સતત ત્રણ દિવસ માટે સવાર અને સાંજે એમ બે વાર જોવા મળવું તે**

**RAREST OF THE RAREST ઘટના નિહાળવાની મુલ્યવાન તક**

આ નયન રમ્ય નજરો આપ આપના ઘેર અગાશી પરથી નારી આંખે નિહાળી શકશો

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. **જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.**

રાત્રી દરમ્યાન અવારનવાર અનેક સ્ટારને આપણે અવકાશમાં ચાલતા જોયા હશે, જેને એક ખરતો તારો ગણ્યો હશે, પરંતુ તે હકીકતમાં જો ઓછી લાઈટ ધરવતો હોય તો તે માનવ નિર્મિત કોઈ ઉપગ્રહો પૈકીનો ઉપગ્રહ હોય અથવાતો વધુ ચળકત ધરવતો હોય તો તે અંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક (International Space Station - ISS) છે. જીહા... અંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક કે જેને આપણે નારી આંખે રાત્રી દરમ્યાન અથવા વહેલી સવારે પસાર થતું નિહાળી શકીએ છીએ.

અંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક એ એક મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રોજેક્ટ છે. જે પૃથ્વીથી લગભગ 400 કિમી ઊંચાઇએ અંતરિક્ષમાં કક્ષામાં પરિભ્રમણ કરે છે. જેનું નિર્માણ 1998માં શરૂ થયું હતું. ISS લંબાઈ: અંદાજે 109 મીટર, વજન: આશરે 420,000 કિલોગ્રામ, તે લગભગ 28,000 કિમી/કલાકે ફરતી રહે છે, પૃથ્વીનો એક ચક્કર લગાવતા લગભગ 90 મિનિટ સમય લાગે છે, જે ભાવનગરના નભમાં આઠ દિવસ વહેલી સવારે અને સાંજે જોવા મળશે. આ નયન રમ્ય નજરો આપ આપના ઘેર અગાશી પરથી નારી આંખે નિહાળી શકશો.

| તારીખ | દેખાવાનો સમય | ઉંચાઇ | દેખાવાની શરૂઆતની દિશા | દિશા તરફ ગતિ કરશે |
|---|---|---|---|---|
| બુધવાર May 7, 8:56 સાંજે | 1 min | 24° | 10° SW નૈરુત્ય | 24° WSW નૈરુત્ય- પશ્ચિમ |
| ગુરુવાર May 8, 5:09 સવારે | 5 min | 21° | 10° N – ઉત્તર | 10° E – પૂર્વ |
| ગુરુવાર May 8, 8:08 સાંજે | 7 min | 59° | 10° SSW દક્ષીણ – નૈરુત્ય | 10° NE – ઇશાન |
| શુક્રવાર May 9, 4:23 સવારે | 2 min | 12° | 10° NNE ઉત્તર ઇશાન | 10° ઇશાન પૂર્વ |
| શુક્રવાર May 9, 8:58 સાંજે | 4 min | 15° | 10° W પશ્ચિમ | 10° N ઉત્તર |
| શનિવાર May 10, 5:10 સવારે | 7 min | 89° | 10° NW વાયવ્ય | 10° SE અગ્નિ |
| શનિવાર May 10, 8:09 સાંજે | 6 min | 28° | 10° WSW નૈરુત્ય પશ્ચિમ | 10° NNE ઉત્તર ઇશાન |
| રવિવાર May 11, 4:22 સવારે | 6 min | 39° | 10° NNW વાયવ્ય ઉત્તર | 10° ESE પૂર્વ અગ્નિ |
| સોમવાર May 12, 3:39 સવારે | < 1 min | 12° | 12° E પૂર્વ | 10° E પૂર્વ |
| સોમવાર May 12, 5:13 સવારે | 4 min | 19° | 16° W પશ્ચિમ | 10° S દક્ષીણ |

આપે નિહાળેલ નજરનો વિડીયો બનાવી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર **8866570111** પર શેર કરવા અનુરોધ.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર



krcscbhavnagar krcscbhavnagar | BACBhavnagar | CreativeCHEMISTRYclub